# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-10-2023** **Midday : 1.20 to 1.30**

**Day : Monday** **National News**

**આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

**************************************************

- આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 154મી જન્મજયંતિની દેશભરમાં ઉજવણી થઈ રહી છે..
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના ચિત્તોડગઢમાં આશરે 7 હજાર કરોડની વિવિધ વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કર્યો.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે છત્તીસગઢ અને તેલંગાણામાં વિવિધ વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કરશે.
- ભારત આગામી 3 - 4 વર્ષમાં ઓટોમોબાઈલ ક્ષેત્રમાં વિશ્વનું નંબર વન ઉત્પાદન હબ બનવાનું લક્ષ્ય ધરાવે છે.
- ચીનના હાંગઝોઉમાં રમાઈ રહેલ એશિયન રમતોત્સવમાં ભારત 13 સુવર્ણ, 21 રજત અને 22 કાંસ્ય ચંદ્રક સહિત કુલ 56 ચંદ્રક જીતીને ચોથા સ્થાને છે.

*************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Gandhi Jayanti - Shastriji

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 154મી જન્મજયંતિની દેશભરમાં ઉજવણી થઈ રહી છે, અને દેશ વિદેશમાં રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલી આપવાના શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. નવી દિલ્લીમાં રાજઘાટ ખાતે બાપુના સમાધિ સ્થળે સર્વ ધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજઘાટ પર મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીયમંત્રી હરદીપ સિંહ પુરી, ડૉ. જિતેન્દ્ર સિંહ, મીનાક્ષી લેખી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ બાપુને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમના સંદેશમાં કહ્યું કે, મહાત્મા ગાંધીના સત્ય અને અહિંસાના આદર્શોએ વિશ્વ માટે એક નવો માર્ગ મોકળો કર્યો છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જણાવ્યું હતું કે સ્વતંત્રતા અને સમાનતા માટે બાપુનો અવિરત પ્રયાસ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ વૈશ્વિક સમુદાય માટે દીવાદાંડી સમાન છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીજીની અસર વૈશ્વિક છે, જે સમગ્ર માનવજાતને એકતા અને કરુણાની ભાવનાને આગળ વધારવા માટે પ્રેરિત કરતી હોવાનું કહ્યું હતું.

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે ગુજરાતમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અમદાવાદમાં સાબરમતી આશ્રમઅને

રાષ્ટ્રપિતાના જન્મસ્થળ પોરબંદરના કીર્તિ મંદિર ખાતે મહા સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી  લાલ બહાદુર શાસ્ત્રીની પણ  જન્મ જયંતિ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ  અને પ્રધાનમંત્રી  મોદીએ રાષ્ટ્રીય રાજધાનીમાં લાલ બહાદુર શાસ્ત્રીના સ્મારક વિજય ઘાટ ખાતે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

શ્રી મોદીએ લાલ બહાદુર શાસ્ત્રીની સાદગી, રાષ્ટ્ર પ્રત્યેનું સમર્પણ અને જય જવાન, જય કિસાનનું પ્રતિકાત્મક આહ્વાન આજે પણ પેઢીઓને પ્રેરણા  આપતું હોવાનું કહ્યું હતું. વિદેશ મંત્રી એસ જયશંકરે લાલ બહાદુર શાસ્ત્રીની હિંમત, સેવાઅને સાદગી હંમેશા યાદ રાખવામાં આવશે તેમ કહ્યું છે.

# AKASHWANI- SWACHHATA CAMPAIGN

મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે આજે આકાશવાણી દિલ્હીમાં વિશેષ સ્વચ્છતા અભિયાનના ત્રીજા તબક્કાની શરૂઆત કરવામાં આવી હતી. આકાશવાણીના વડા ડૉ. વસુધા ગુપ્તાએ મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ અર્પી હતી અને અધિકારીઓ અને કર્મચારીઓને સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા અને સફાઈ કામદારોનું સન્માન કર્યું હતું.

# FRENCHEMBASSY GANDHI JAYANTI

ભારત ખાતેના ફ્રાન્સના દૂતાવાસે આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની 154મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી કરતાં ફ્રાન્સે મહાત્મા ગાંધીએ આપેલા અહિંસા, શાંતિ અને સહિષ્ણુતાના

મૂલ્યોનું સમર્થન કર્યું હોવાનું કહ્યું છે. દૂતાવાસે જણાવ્યુ હતું કે સ્ટ્રાસબર્ગ અને વોરિલમાં આવેલી ગાંધીજીની પ્રતિમાઓ ફ્રાન્સમાં તેમને કેટલું મહત્વ આપવામાં આવે છે તે દર્શાવે છે.

## REV.-RAJASTHAN-PM-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના ચિત્તોડગઢમાં આશરે 7 હજાર કરોડની વિવિધ વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કર્યો. પ્રધાનમંત્રીએ 4500 કરોડના ખર્ચે બનાવવામાં આવેલી મહેસાણા-ભટિંડા-ગુરદાસપુર ગેસ પાઈપલાઈનનો શિલાન્યાસ કર્યો. પ્રધાનમંત્રી દ્વારા રાષ્ટ્રને સમર્પિત કરાયેલા રેલવે પ્રોજેક્ટ્સમાં ચિત્તોડગઢ - નીમચ રેલ્વે લાઇન અને કોટા - ચિત્તોડગઢ ઇલેક્ટ્રીફાઇડ રેલ્વે લાઇનને બમણી કરવાના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ સ્વદેશ દર્શન યોજના હેઠળ નાથદ્વારામાં વિકસિત પ્રવાસન સુવિધાઓને રાષ્ટ્રને સમર્પિત કરી. કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે, પછાત વિસ્તારોનો વિકાસ તેમની સરકારની પ્રાથમિકતા રહી છે. તેમણે કહ્યું કે સરકારે દેશના મહત્વાકાંક્ષી જિલ્લાઓ પસંદ કર્યા છે જ્યાં વિકાસ કાર્ય થઈ રહ્યા છે.

તેમણે કહ્યું કે રાજસ્થાનના ઘણા જિલ્લાઓનો પણ આ યોજના હેઠળ વિકાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે હવે સરકારે આ યોજનામાં એક ડગલું આગળ વધ્યું છે અને મહત્વાકાંક્ષી બ્લોકના વિકાસનું કામ હાથ ધર્યું છે.

## PM- CHHATTISGARH & TELANGLANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે છત્તીસગઢ અને તેલંગાણાની મુલાકાતે જશે.  શ્રી મોદી છત્તીસગઢમાં 26 હજાર કરોડ રુપિયાથી વધુના મૂલ્યની અનેક બહુ-વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કરશે.  તેઓ બસ્તર જિલ્લાના નાગરનાર ખાતે NMDC સ્ટીલ લિમિટેડના સ્ટીલ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે.

શ્રી મોદી અંતાગઢ અને તાડોકી વચ્ચેની નવી રેલ લાઇન તથા જગદલપુર અને દંતેવાડા વચ્ચે રેલ લાઇન ડબલિંગ પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે. પ્રધાનમંત્રી સાંજે તેલંગાણાના નિઝામાબાદ જશે અને વીજળી, રેલ્વે અને આરોગ્ય જેવા મહત્વના ક્ષેત્રોમાં લગભગ 8 હજાર કરોડના મૂલ્યની વિવિધ વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કરશે. શ્રી મોદી સમગ્ર તેલંગાણામાં આયુષ્માન ભારત સ્વાસ્થ્ય માળખા હેઠળ બાંધવામાં આવનાર વીસ ક્રિટિકલ કેર બ્લોકનો પણ  શિલાન્યાસ કરશે.

## PM TURMERIC BOARD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતોના કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. શ્રી મોદીએ ગઈકાલે હળદરના ખેડૂતોની જરૂરિયાતો અને તેમના લાભ માટે ભાવિ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય હળદર બોર્ડની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી. આ બોર્ડ પુરવઠા શૃંખલામાં મૂલ્યવર્ધનથી લઈને માળખાકીય સુવિધાઓ સંબંધિત કામો સુધીના વિવિધ ક્ષેત્રોમાં ખેડૂતોને મદદ કરશે. બોર્ડની સ્થાપનાના ફાયદા અંગે નિઝામાબાદના સાંસદ અરવિંદ ધર્મપુરીની પોસ્ટના જવાબમાં શ્રી મોદીએ આજે એક સોશિયલ મીડિયા

પોસ્ટમાં જણાવ્યું હતું કે ખેડૂતોનું કલ્યાણ અને સમૃદ્ધિ હંમેશા સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે.

## GADKARI- AUTOMOBILE INDUSTRY

ભારત આગામી ૩ - ૪ વર્ષમાં ઓટોમોબાઈલ ક્ષેત્રમાં વિશ્વનું નંબર વન ઉત્પાદન હબ બનવાનું લક્ષ્ય ધરાવે છે. ચેક રિપબ્લિકના પ્રાગમાં ભારતીય સમુદાય સાથે વાત કરતાં પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આમ જણાવ્યુ હતું.

તેમણે કહ્યું કે, છેલ્લા નવ વર્ષમાં ઓટોમોબાઈલ ઉદ્યોગનું કદ સાડા ચારલાખ કરોડથી વધીને સાડા બાર લાખ કરોડ રૂપિયા  થયું છે. આ ઉદ્યોગે દેશના સાડા ચાર  કરોડ યુવાનોને રોજગારી પૂરી પાડી હોવાનું તેમણે વધુમાં જણાવ્યુ હતું.

## JITENDRA - SSC

વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું છે કે આગામી સમયમાં સ્ટાફ સિલેક્શન કમિશન (SSC) તમામ 22 ભારતીય ભાષાઓમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરશે.

તેમણે જણાવ્યું હતું કે, સરકાર ભાષાકીય અવરોધોને ધ્યાનમાં લીધા વિના તમામ રસ ધરાવતા ઉમેદવારોને સમાન ક્ષેત્ર પ્રદાન કરવા માંગે છે. ગઈકાલે નવી દિલ્હીમાં ભારતીય ભાષા પરિષદના સમાપન સત્રને સંબોધતા ડૉ. સિંહે જણાવ્યું હતું કે, આ વર્ષથી સ્ટાફ સિલેક્શન કમિશનની પરીક્ષાઓ હિન્દી અને અંગ્રેજી સિવાય 11 પ્રાદેશિક ભાષાઓ સહિત કુલ 13 ભાષાઓમાં લેવામાં આવશે. તેમણે કહ્યું કે,

JEE, NEET અને UGC પરીક્ષાઓ પણ 12 ભારતીય ભાષાઓમાં લેવામાં આવી રહી છે અને આ ઐતિહાસિક નિર્ણય સ્થાનિક યુવાનોની ભાગીદારીને પ્રોત્સાહિત કરશે અને પ્રાદેશિક ભાષાઓને પ્રોત્સાહન આપશે.

## D R VICE-PREZ VISIT

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, ડોમિનિકન ગણરાજ્યના ઉપરાષ્ટ્રપતિ રકેલ પેના રોડ્રિગ્ઝ 3 થી 5 ઓક્ટોબર દરમિયાન ભારતની મુલાકાતે આવશે. તેઓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના આમંત્રણથી ભારતની મુલાકાતે આવવાના છે. ડોમિનિકન ગણરાજ્યના ઉપરાષ્ટ્રપતિની ભારતની આ પ્રથમ મુલાકાત હશે. તેઓ ભારત-ડોમિનિકન ગણરાજ્યના દ્વિપક્ષીય સંબંધોના 25માં વર્ષમાં પ્રવેશ સમયે આવી રહ્યા હોવાથી આ મુલાકાત મહત્વપૂર્ણ રહશે.

## ASIAN-GAMES-2023.rtf

ચીનના હાંગઝોઉ ખાતે રમાઈ રહેલ એશિયન રમતોત્સવ 2023 માં ભારત 13 સુવર્ણ, 21 રજત અને 22 કાંસ્ય ચંદ્રક સહિત કુલ 56 ચંદ્રક જીતીને ચોથા સ્થાને છે. ભારતીય ટેબલ ટેનિસ ખેલાડીઓ અહિકા મુખર્જી અને સુતીર્થ મુખર્જીએ મહિલા ડબલ્સ સ્પર્ધામાં ઐતિહાસિક કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે એશિયન રમતોત્સવ 2023 માં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ મહિલા રોલર સ્કેટર્સને અભિનંદન પાઠવ્યા હતા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ મહિલા સ્પીડ સ્કેટિંગ

સ્પર્ધામાં ચંદ્રક જીતવા બદલ રોલર સ્કેટર કાર્તિકા જગદીશ્વરન, હીરલ સાધુ અને આરતી કસ્તુરી રાજને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું, તેમનો અતૂટ નિશ્ચય અને ઉત્કૃષ્ટ ટીમવર્ક ઘણા લોકો માટે પ્રેરણારૂપ છે.

કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે સ્પીડ સ્કેટિંગ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ ભારતીય પુરૂષ અને મહિલા સ્કેટિંગ ટીમોને અભિનંદન પાઠવ્યા છે. આર્યન પાલ, આનંદ કુમાર, સિદ્ધાંત, વિક્રમની ભારતીય પુરુષ ટીમે તેમના અંતિમ રાઉન્ડમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. કબડ્ડી સ્પર્ધામાં ભારત આજે પ્રથમ જૂથ રમતમાં ચાઈનીઝ તાઈપેઈ સામેની મહિલા ટીમ સાથે રમશે. ઉંચી કૂદનો રાષ્ટ્રીય રેકોર્ડ ધારાવનાર ભારતીય ખેલાડી તેજસ્વિન શંકરે 100 મીટર સ્પર્ધામાં ચોથું સ્થાન મેળવ્યું છે. દોડ સ્પર્ધામાં અમ્લાન બોર્ગોહેન, પુરુષોની 200 મીટરમાં અને ભારતીય મિશ્રિત ટીમ આજે ગૌરવ માટે દોડશે.

ભારતીય પુરૂષ હોકી ટીમ આજે પૂલ Aની અંતિમ મેચમાં બાંગ્લાદેશ સામે ટકરાશે. ભારતીય ખેલાડીઓ આજે ચાર કેનોઈંગ ચંદ્રક કાર્યક્રમમાં પણ ભાગ લેશે. તીરંદાજી, બ્રિજ, ચેસ, ડાઇવિંગ, કુરાશ, રોલર સ્કેટિંગ, સેપાક્ટાક્રો અને સ્ક્વોશમાં પણ ભારતીય ખેલાડીઓ ભાગ લેશે. સ્કેટિંગમાં, ભારતની પુરૂષ અને મહિલા ટીમોએ આજે સવારે બે કાંસ્ય ચંદ્રક મેળવ્યા હતા.

# MANDAVIYA - ORGAN DONATION

આયુષ્માનભાવ અભિયાન હેઠળ 50 હજારથી વધુ લોકોએ તેમના અંગોનું દાન કરવાની પ્રતિજ્ઞા લીધી છે. આ અભિયાન ગયા મહિને ગુજરાતના ગાંધીનગરથી શરૂ કરવામાં આવ્યું હતું. એક સોશિયલ

મીડિયા પોસ્ટમાં, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયાએ લોકોને અંગદાન માટે શપથ લેવા આહ્વાન કર્યું હતું.